ISSN: 2319-202X

# ભારતીય ઉચ્ચશિક્ષણમાં પડકારો અને તકોજીવન કૌશલ્ય શિક્ષણ, કૌશલ્ય વિકાસ, વ્યક્તિત્વ વિકાસ

**ડૉ. અંજનાબેન વી. ચૌધરી,**
આચાર્યશ્રી, સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કોલેજ, ગાંધી વિદ્યાપીઠ વેડછી.
તા : વાલોડ જિ તાપી. મો: 9427922071

ભારતની ઉચ્ચશિક્ષા વ્યવસ્થા માટે એક નવી અને ભવિષ્ય તરફની દૂરદષ્ટના ઉદ્ધેશ્યમાં બહુમુખી પ્રતિભાવાળા અને રચનાત્મક વ્યક્તિનાં વિકાસની વાત કરવામાં આવી છે. પરંતુ, આ પરિવર્તન લાવવા માટે દેશની શિક્ષણરચના માનવ કેન્દ્રી બને, માનવમૂલ્યો પર મંડાય અને શિક્ષણના આદાન–પ્રદાનમાં નિરહંકાર માનવપ્રેમનો વ્યવહાર સ્થપાય, જીવન કૌશલ્યોનો વિકાસ થાય અને જીવન કૌશલ્યો થકી આદર્શ વ્યકિતત્વનું નિર્માણ સંભવ બને તોજ નવો સમાજ, નવો પ્રદેશ, અને નવા રાષ્ટ્રનું નિર્માણ થાય.નવા રાષ્ટના નિર્માણમાટે જીવનકૌશલ્ય યુક્ત શિક્ષણ અને બહુમુખી વ્યક્તિત્વ વિકાસની જરૂર છે. પોતાના જીવનને સહજ અને સરળ બનાવવુ તે જીવનકૌશલ્ય છે અને શિક્ષણ દ્બારા જીવનને સહજ, સરળ કઈ રીતે બનાવવુ ને શીખવવું જીવનકૌશલ્ય શિક્ષણ છે. જીવન કૌશલ્ય વિકાસનાં કેટલાંક ઘટકો : આગ્રહ, સમય પાલન, સ્વયંની દેખભાળ, આહારનું જ્ઞાન, વ્યાયમ અને સ્વકર્તવ્ય પાલન શિક્ષણના પગથિયાઓ દ્બારા, સંપ, સંહકાર, સેવાના ઉચ્ચ શિખર સભા બહુમુખી વ્યક્તિત્વ વિકાસનું ફળ પરિપક્વ કરવા બૌદ્ધિક કર્મક્ષેત્રમાં સીમિત બનેલી હાલની ઉચ્ચશિક્ષણ વ્યવસ્થાને તિલાજંલી આપવી જ ઘટે.

**રાષ્ટીય શિક્ષણ નીતિ–૨૦૧૯ ના ભાગ –૧૧ના અધ્યાય–૯ માં ગુણવત્તાપૂર્ણ વિશ્વવિદ્યાલય અને મહાવિદ્યાલય :** ભારતની ઉચ્ચશિક્ષા વ્યવસ્થા માટે એક નવી અને ભવિષ્ય તરફની દૂરદષ્ટના ઉદ્ધેશ્યમાં બહુમુખી પ્રતિભાવાળા અને રચનાત્મક વ્યક્તિનાં વિકાસની વાત કરવામાં આવી છે.

પરંતુ, આ પરિવર્તન લાવવા માટે દેશની શિક્ષણરચના માનવ કેન્દ્રી બને, માનવમૂલ્યો પર મંડાય અને શિક્ષણના આદાન–પ્રદાનમાં નિરહંકાર માનવપ્રેમનો વ્યવહાર સ્થપાય, જીવન કૌશલ્યોનો વિકાસ થાય અને જીવન કૌશલ્યો થકી આદર્શ વ્યકિતત્વનું નિર્માણ સંભવ બને તોજ નવો સમાજ, નવો પ્રદેશ, અને નવા રાષ્ટ્રનું નિર્માણ થાય .

નવા રાષ્ટના નિર્માણમાટે જીવનકૌશલ્ય યુક્ત શિક્ષણ અને બહુમુખી વ્યક્તિત્વ વિકાસની જરૂર છે .

પોતાના જીવનને સહજ અને સરળ બનાવવુ તે જીવનકૌશલ્ય છે અને શિક્ષણ દ્વારા જીવનને સહજ, સરળ કઈ રીતે બનાવવુ ને શીખવવું જીવનકૌશલ્ય શિક્ષણ છે. જીવન કૌશલ્ય વિકાસનાં કેટલાંક ઘટકો : આગ્રહ, સમય પાલન, સ્વયંની દેખભાળ, આહારનું જ્ઞાન, વ્યાયમ અને સ્વકર્તવ્ય પાલન શિક્ષણના પગથિયાઓ દ્વારા, સંપ, સંહકાર, સેવાના ઉચ્ચ શિખર સમા બહુમુખી વ્યક્તિત્વ વિકાસનું ફળ પરિપક્વ કરવા બૌદ્ધિક કર્મક્ષેત્રમાં સીમિત બનેલી હાલની ઉચ્ચશિક્ષણ વ્યવસ્થાને તિલાજંલી આપવી જ ઘટે.

શિક્ષણ વહેતી સરિતા જેવું છે, તેમાં હરપળે પરિવર્તનશિક્ષણની નવી નીતિ પછી ૧૯૮૬ની શિક્ષણની નવી નીતિ પછી ૧૯૮૬ની શિક્ષણની નવી નીતિ આવીને ગઈ અને હાલમાં ૨૦૧૯ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપણી સામે છે. રાષ્ટ્રના શિક્ષણને પ્રવાહિત કરવા અનેક શિક્ષણ પંચો નિમાયા છે. નવી નીતિઓ ઘડાય છે, તેનો અમલ થાય છે તો પણ શિક્ષણ તો સમસ્યાઓ થી ઘેરાયેલું જ રહે છે. કેમકે અનેક શોધો – ટેકનોલોજી જ્ઞાનનું વિસ્ફોટન અને માનવીની જીવનરીતિ બધુ જ ઝડપીથી બદલાય છે. હવે ઔપરિક શાળા–મહાશાળાના શિક્ષણમાત્રથી જિંદગી ચાખી ચરી ખવાશે નહી. હર પળે.... હર ક્ષણે.... હર સ્થળે.... હર વ્યક્તિ પાસેથી શીખવાની વૃત્તિ રાખવી જ પડશે. આપણી પ્રવર્તમાન શિક્ષણપ્રણાલી પશ્ચિમના ખ્યાલો માંથી જન્મ પામી છે, ઉછેરી છે અને એજ અસર તળે પ્રવર્તમાન છે. જો ફેરફારને નહીં અપનાવીએ તો લાંબાગાળા સુધી તેનો કોઈ ઉધ્ધાર દેખાતો નથી. પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલી આપણી સંસ્કૃતિને અનુરૂપ છે જ નહી આમેય આપણે વિકાશીલ દેશ છીએ. પશ્ચિમના દેશો વિકસીત દેશો છે. તેની નકલ કરવી તે 'લાંબા હારે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય' જેવી બાબત છે. આર્થિક દ્રષ્ટિએ પણ તેમના ખ્યાલો આપણને પોસાય તેવા નથી જ આમ છતાં આપણે તેની સાથે દોડવા પ્રયત્ન કરી રહ્યા છીએ.

આપણો સમાજ અનેક વૈવિધ્યથી ભરેલો છે ગ્રામ્ય સમાજની વિપુલતા છે. કૃષિ આધારિત સમાજ રચના છે ગરીબી, બેકારી, અંધશ્રધ્ધા, સાંપ્રદાયિકતા, નિરક્ષરતા જેવી અનેક સમસ્યાઓ છે. અને આ બધાનું મૂળ કારણ એવો ભયાનક વસ્તી વિસ્ફોટ છે. આ બધાને અનુકૂળ એવી શિક્ષણ પ્રણાલીનું ચિંતન કરવું આવશ્યક ગણાય, શિક્ષણપંચો, શિક્ષણની નીતિ, કોન્ફરન્સ વગેરેમાં જુના અહેવાલોને આધારે થોડાઘણા ફેરફારો થયા કરે છે. થીંગડ–થાંગડ પ્રયાસો થાય છે કેટલાક નાવીન્યીકરણો ઉમેરાય છે. કેટલાક પુરાણા ખ્યાલો રદ થાય છે. કેટલીક સુવિધાઓ વધે છે પરંતુ ભયાનક વસ્તી વધારો આ બધા પ્રયાસોને ભરખી જાય છે. ધરમૂળથી ફેરફારો થતા જ નથી સમગ્ર રાષ્ટ્રની જરૂરિયાતોનું ચિંતન કરે એવી ફિલસૂફી ઉદ્ધભવતી નથી અને કાર્યાન્વિત થતી નથી આમને આમ ગાડું ગબડયેજ જાય છે. ચાલો આપણે હવેં લુખ્ખી વાતો કરવાને બદલે જમીન ઉપર પગ માંડીએ જેમાં આપણું અસ્તિત્વ છે.કોઈ પણ રાષ્ટ્રાની કિંમત તેણે કરેલા ધન સંચય, વેપાર, વસ્તી કે ઊભી કરેલી સગવડતાને આધારે અંકાતી નથી પરંતુ રાષ્ટ્રમાં વણાઈ

ગયેલાસહજ મૂલ્યોને આધારે થાય છે. મૂલ્ય પોતેવસ્તુત: અમૃત હોવાથી તેનું માપન શકય નથી પણ મૂલ્ય એટલે સુટેવોનો, સારપનો, સમજણનો, સંસ્કારિતાનો અને સર્જનાત્મક વલણોનો સમૂહ. મનુષ્યને ઉજાગર કરનાર મૂલ્યોના સંદર્ભ વિશ્વના તજજ્ઞોએ જણાવ્યું છે કે ભારતીય સંસ્કૃતિ તો સાશ્વત મૂલ્યોની જનની છે? શિક્ષણનું મુખ્ય કામ શિક્ષણ લેનારમાં શ્રધ્ધા અને સંવેદનાઓનું ચિત્રણ કરવાનું છે એક શ્રધ્ધાવાન સંવેદનશીલ માણસ જ સુરાજયનીસ્થાપના કરી શકે. આજની જીવનશૈલીએ માણસને પ્રકૃતિથી અને સંસ્કૃતિથી વિમુખ કરી દીધો છે. પ્રકૃતિને પામીને અને સંસ્કૃતિને સાચવીને શિક્ષણ અપાય તેજ ટકાઉ શિક્ષણ કહેવાય. આવુ શિક્ષણ યોગ, ઉદ્યોગ અને સહયોગનો સમન્વય કરતુંહોયતો કુદરત સાથેની સંવાદી જીવનશૈલી વિકસાવી શકે, તમામ શાસ્ત્રોએ જીવન જીવવાની કળાને સર્વોત્તમ કળા તરીકે વર્ણવી છે. આવી પવિત્ર અને તંદુરસ્ત જીવનશૈલી ક્ષમતા એક માત્ર શિક્ષણ પાસે જ છે. ગઈ કાલનું શિક્ષણ ગુણવિકાસ, શિસ્ત, સંસ્કાર, શરીર–મનની તંદેરસ્તી પર ભાર મૂકતુ હતુંતેથી જ જ્ઞાનવલ્કય મુનિએ કહેલું " તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર એટલે શિક્ષણ"જ્યારે આજના શિક્ષણની સંકલ્પના છે ; સર્વાગી વિકાસ, જન્મજાત શક્તિઓનું પ્રગટીકરણ, સંપુર્ણ વ્યક્તિમત્તાની અભિવ્યક્તિ, રોટલો કેમ રળવો અને કોળિયો મીઠો બનાવવો, શ્રેષ્ઠ જે કાંઈ છે. તેને બહાર લાવવું વગેરે તેથી જ ગાંધીજીએ કહ્યુ કે "બાળક અથવા મનુષ્યના શરીર, મન અને અત્મામાં શ્રેષ્ઠ જે કાંઈ છે તે બધુ બહાર આણવું એને હું શિક્ષણ કહું છું"

શિક્ષણના કેટલાક ભાગ પડે છે. (૧) પ્રાથમિક શિક્ષણ (૨) માધ્યમિક શિક્ષણ (૩) ઉચ્ચશિક્ષણ

**ઉચ્ચશિક્ષણ :–** તરૂણાવસ્થા દરમિયાન માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ વ્યક્તિત્વ ખીલવતો વિદ્યાર્થી માનવજીવનને સ્પર્શતી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, નૈતિક ભૌત્તિક અને વ્યાવહારિક બાબતોને સરાસારની વિવેકદ્રષ્ટિથી મૂલવવાનો નિરીક્ષર, વિવેક ઉચ્ચશિક્ષણ દ્વારા ખીલવે છે. આવો વિવેક વિદ્યાર્થીને રાષ્ટ્રીય વિકાસમાં પોતાનો ફાળો આપવાની ક્ષમતા બક્ષે છે. ၄

આથી જ પ્રવર્તમાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ– ૨૦૧૯ ના ભાગ – ૧૧ ના અધ્યાય ૯ માં ગુણવત્તા પૂર્ણ વિશ્વવિદ્યાલય અને મહાવિદ્યાલય : ભારતની ઉચ્ચશિક્ષા વ્યવસ્થા માટે એક નવી અને ભવિષ્ય તરફની દૂરદષ્ટિના ઉદ્ધેશ્યમાં બહુમુખી પ્રતિભાવાળા અને રચનાત્મક વ્યક્તિનાં વિકાસની વાત કરવામાં આવી છે.

પરંતુ આ પરિવર્તન લાવવા માટે દેશની શિક્ષણ રચના માનવ કેન્દ્રીબને, માનવમૂલ્યો પર મંડાય અને શિક્ષણના આદાન–પ્રદાનનાં નિરહંકાર માનવપ્રેમનો વ્યવહાર સ્થપાય જીવન કૌશલ્યનો વિકાસ થાય, અને જીવન કૌશલ્યો થકી આદર્શ વ્યક્તિત્વનું નિમાર્ણ સંભવ બને તો જ નવો સમાજ, નવો પ્રદેશ, અને નવા રાષ્ટ્રનું નિર્માણ થાય.

નવા રાષ્ટ્રના નિર્માણ માટે જીવનકૌશલ્ય અને બહુમુખી વ્યક્તિત્વ વિકાસની જરૂર છે

ISSN: 2319-202X

**જીવન કૌશલ્ય :** પોતાના જીવનને સરળ અને સહજ બનાવવું એજ જીવન કૌશલ્ય છે. અનુકુલન અને સકારત્મક વ્યવહારમાં એ યોગ્યતા છે. જે વ્યક્તિઓને દૈનિક જીવનની માંગોઅને પડકારોની સામે પ્રભાવક રૂપથી નિપટાવવા માટે સક્ષમ બનાવે છે. આ જીવન કૌશલ્ય શીખી શકાય છે. અથવા તો એમાં સુધારો કરી શકાય છે. આગ્રહ, સમયનું સંચાલન, ઉચ્ચ વિચાર ચિંતન, સંબંધોમાં સુધાર, પોતાની દેખભાળની સાથે– સાથે એવી ખોટીઆદતો જેમ કે સંપૂર્ણ હોવું , કોઈ પણ બાબતને ટાળવી વગેરેથી મુક્તિ કંઈક આ જીવન કૌશલ્ય છે. ટૂંકમાં જેનાથી જીવનના પડકારોનો સામનો કરવામાં મદદ મળે તે જીવન કૌશલ્ય.

**જીવન કૌશલ્યોનો વિકાસ**

શિક્ષણ એટલે કે સદ્ગુણોનો વિકાસ, સુટેવોનું ઘડતર અને કૌશલ્યોની ખીલવણી.

**સદ્ગુણોનો વિકાસ** એટલે અંહિસા, પ્રેમ, કરૂણા, ક્ષમા,શાંતિ, સેવા આદિ સદ્ગુણોનો વિકાસ.

**સુટેવોનું ઘડતર** સુટેવોએ મનુષ્યનો શણગાર છે. સ્વચ્છતા, સુઘડતા, વ્યવસ્થિતતા, આંતરિક નિરીક્ષણ.

**કૌશલ્યની ખીલવણી** વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં ઈલેક્ટ્રીક સાધનો, ડ્રાઈવીંગ, કોમ્પ્યુટરજેવા જ્ઞાનનું કૌશલ્ય વળી ચિત્ર, સંગીત, નૃત્ય, સાહિત્ય જેવી લલિતકલાનું કૌશલ્ય હસ્તગત હોવું જરૂરી છે.

**જીવનજરૂરી અન્ય જીવન કૌશલ્ય**

સ્વાવલંબન, સમસ્યાનું સમાધાન, જ્ઞાનપ્રાપ્તિની પ્રવૃત્તિ, કુશાગ્રતા ચાતુર્ય, મધુરભાષા પ્રયોગ, સહયોગ ભાવના, સ્વસ્થ દિનચર્યા, રચનાત્મકસોચ, પ્રભાવશાળી બોલ–ચાલ, સંતુલન, સંવેદના, આત્મબોધ, સંવેગ સંયોજન અને ન્યાયિક પારદર્શિતા.

**વ્યક્તિત્વ**

વ્યક્તિત્વ નો અર્થ અંગ્રેજી અનુવાદ "પર્સનાલિટી" છે જે લેટિન શબ્દ વ્યક્તિત્વ પરથી આવ્યો છે. અને તેનો અર્થ માસ્ક છે. પરંતુ ભાષાના ઉપયોગ પ્રમાણે શબ્દોના અર્થમાં વ્યાપકતા આવી.

આધુનિક યુગમાં પર્સનાલીટીનો અર્થ અભિનેતાના દેખાવને છોડીને હવે વ્યક્તિના વૈવિધ્યસભર આંતર બાહ્ય લક્ષણોનો ક્રિયાત્મક સમુચ્ચય બની ગયો એટલે કે વ્યક્તિનાં આંતરિક લક્ષણોમાં તેની અભિરૂચિ–અભિયોગ્યતા, ક્ષમતા, સંવેદનાઓ, ઈચ્છાઓ ગમા–અણગમાં, માન્યતાઓ અને અભિપ્રાયોનો સમાવેશ થવા લાગ્યો તથા બાહ્ય લક્ષણોમાં શારીરિક બાંધો, દેખાવ, વર્ણ, ઊંચાઈ, વજન, હાલ–ચાલ, વર્તનશૈલીઓ, વગેરેનો સમાવેશ થવા લાગ્યો આમ પર્સનાલીટી (વ્યક્તિત્વ) એ વ્યક્તિનાં અનેક લક્ષણોનો ગતિશીલ સંબંધોનો દ્યોતક બની ગયો.

આ વ્યક્તિત્વ બહુ આયામી અને પ્રવાહી સંજ્ઞા બની ગઈ. તેથી તેને કોઈ ચોક્કસ અર્થ ચોકઠામાં બાધવું મુશ્કેલ બની ગયું છે. મનોવિજ્ઞાનીઓએ વ્યક્તિત્વ વિષે આવી કંઈક વ્યાખ્યા આપી છે. કે, “વ્યક્તિત્વ માનવનાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ, શારીરિક બંધારણો અને દેખાવો, વર્તન તરેહો, રીત રસમો, વલણો તેમજ શક્તિઓ અને અભિરૂચિઓનું લાક્ષણિક સંગઠન જ માને છે.”

એલ્પાર્ટ , નોમાન અને કેટીલે વ્યક્તિત્વની લાક્ષણિકતાઓની ઓળખ માટે પ્રયત્નો કર્યા છે.

(૧) અનુભવ પરત્વેનું ખુલ્લાપણુ

(૨) કર્તવ્યપરાયણતા

(૩) બહિર્મુખપણુ

(૪) સ્વીકૃતિભાવ

(૫) મંદમનો વિકૃતિ

**વ્યક્તિત્વ વિકાસ**

શૈક્ષણિક મનોવિજ્ઞાન ઘણી રીતે પ્રયુક્ત વિજ્ઞાન છે. તેમાં ‘વ્યક્તિત્વ’ ના અભ્યાસનો સમાવેશ, બાળકનો સુસંવાદી વ્યક્તિત્વ વિકાસ કરવાના હેતુથી જ કરવામાં આવે છે. આમ શિક્ષક અને શાળાનું કાર્ય બાળકના સુસંવાદી વિકાસ માટે પેરક અને પોષક બનવાનું છે આથી શિક્ષકને બાળકના વ્યક્તિત્વ વિકાસ પર અસર કરતાં પરિબળોનું જ્ઞાન હોય તો જ તે બાળકના યોગ્ય પ્રકારના વ્યક્તિત્વના વિકાસનાં પ્રયાસો કરી શકે.

**વ્યક્તિત્વ વિકાસ પર અસર કરતા પરીબળો :**

(૧) શારીરિક બાંધો (૨) નલિકારહિત ગ્રંથિઓ (૩) આનુવંશિક ગુણ લક્ષણો (૪) માનસિક શક્તિઓ (૫) સંવેગો (૬) ઘર (કુટુંબ)નું વાતાવરણ (૭) અડોશ–પડોશનું વાતાવરણ (૮) શાળાનું વાતાવરણ (૯) સમાજની સંસ્કૃતિ.

**વ્યક્તિત્વ વિકાસનાં પરિબળો :**

મેસ્લોના મત પ્રમાણે, વ્યક્તિત્વના વિકાસ પર વ્યક્તિની (પ્રાથમિક) જરૂરિયાતોની અસર ખૂબ પડે છે. મેસ્લોએ વ્યક્તિની જરૂરિયાતોનો ઉર્ધ્વગામી (ચડતો) ક્રમ આપ્યો છે તેમના મતે જેમ–જેમ વ્યક્તિની જરૂરિયાતો સંતોષાતી જાય તેમ–તેમ તેમના વ્યક્તિત્વનો ઉધ્વર્ગામી વિકાસ થતો જાય છે.

**મેસ્લોનો જરૂરિયાતનો શંકુ તરીકે પણ ઓળખાય છે.**

**શારીરિક જરૂરિયાતો –** શારીરિક જરૂરિયાતોમાં શારીરીક સમતુલા, હવા પાણી, ખોરાક, શરીરમાં આવેલા વિવિધ તંત્રોનું સંતુલન , સ્વ– સંચાલન વગેરે છે .વ્યક્તિ શારીરિક જરૂરિયાતોના સંતોષ વગર, તેના વ્યક્તિત્વના અન્ય પાસાઓના વિકાસ વિશે વિચારી શકતી નથી.

**સલામતીની જરૂરિયાત** – બીક, ભય, અને બિન સલામતીમાંથી મુક્તિ એટલે સલામતીની જરૂરિયાત.

**પ્રેમની જરૂરિયાત** –માનવી સામાજિક પ્રાણી છે. એ હંમેશા સધિયારો શોધે છે. મેસ્લો કહે છે કે "પ્રમ અને મમતા વ્યક્તિનું સ્વાસ્થ્ય જાળવાવા માટે પણ આવશ્યક છે વ્યક્તિની આ જરૂરિયાત જ તેને કોઈ કલબ કે મંડળના સભ્ય બનવા માટે પોતાનું જૂથ રચવા માટે અને સામાજિક બનવા માટે પ્રેરિત કરે છે."

**આત્મ સાર્થકતા(સ્વ–વાસ્તવીકરણ) ની જરૂરિયાત** –આત્મસાર્થકતા શબ્દ સૌપ્રથમ કર્ટ ઝોલ્ડસ્ટિ એ આપ્યો હતો. મેસ્લો એ તેનો ઉપયોગ પોતાની રીતે કર્યો છે. મેસ્લોના મતે "વ્યક્તિની તમામ સુષુપ્ત શક્તિઓને સંપૂર્ણ રીતે અવિષ્કૃત કરવાની પ્રક્રિયા એટલે આત્મ સાર્થકતા."

**પ્રતિષ્ઠા (સ્વમાન)ની જરૂરિયાત** – સમાજની પ્રત્યેક વ્યક્તિ સન્માન, મોભો કે પ્રતિષ્ઠા ઝંખે છે વ્યક્તિ, તેના સમાજમાં પોતાની કદર થાય એમ ઈચ્છે છે.

**મેસ્લો બે પ્રકારની પ્રતિષ્ઠાની વાત કરે છે**

(અ) વ્યક્તિ પોતાનું મૂલ્યાંકન સ્થિર ઊંચુ હોય એમ ઈચ્છે છે.

(બ) સમાજની અન્ય વ્યક્તિઓ પોતાને માનપૂર્વક જુએ અને પ્રતિષ્ઠા આપે એવી ઈચ્છા રાખે છે. ટૂંકમાં આ જરૂરિયાત સંતોષાતા વ્યક્તિમાં આત્મવિશ્વાસ, શક્તિ અને સામર્થ્ય જન્મે છે. અને જો જરૂરિયાત ન સંતોષાય તો વ્યક્તિ લાચારી, લઘુતા, નબળાઈ અનુભવે છે. શાળા કે કોલેજની ચાર દિલાલોની વચ્ચે ભારતનું ભાવિ ઘડાય છે ત્યારે બાળકોના કૌશલ્યો અને વ્યક્તિત્વના વિકાસ માટે નીચેના પ્રયત્નો કરવા જોઈએ.

**(૧) શારીરિક જરૂરિયાત સંતોષવી :**

શાળા/કોલેજોમાં પીવાનાં પાણીની યોગ્ય સગવડ ઊભી કરવી.

શાળા/કોલેજોમાં રમવા માટે યોગ્ય મેદાન હોવુ જોઈએ.

જાતીય વૃત્તિના ઉર્ધ્વીકરણ માટે બાળકોને સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ વાળવા જોઈએ.

શારીરિક અસમતુલા ધરાવતા બાળકો માટે શાળા/કોલેજ અને મા–બાપ કાળજી રાખવી જોઈએ

**(૨) સલામતીબક્ષવી :**

બિનસલામતીનીભાવનાબાળકોમાંપેદાથાયતેવીસ્થિતિ ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ. શાળાનું ધાકધમકી વાતવરણ બાળકને ભયમુકત રાખતું નથી, શિક્ષકો/અધ્યાપકોનું બાળકો પ્રત્યેનુ6 વલણ અને શાળા/કોલેજનું વાતાવરણ પણ સલામતીની આવશ્યકતા પોષવામાં મદદરૂપ બને છે.

**(૩) પ્રેમભર્યું વાતાવરણ :**

બાળકોનાઘરનુંઅનેશાળાનુંવાતાવરણહુંફાળુંહોયતેખૂબજરૂરીછેમોટીશાળાકેકોલેજોમાંશિક્ષ કો– વિદ્યાર્થીઓવચ્ચેવ્યક્તિતસંપકર્નોઅભાવજોવામળેછે. વિદ્યાર્થીને શિક્ષક/અધ્યાપક

નામ બોલવાને બદલે રોલ નંબર, ટૂંકમાં નામ બોલવા કે તોછડાઈભર્યા નામથી સંબોધે છે, જેમાં આત્મીયતા લાગતી નથી પણ બાળકને પેમથી તેના નામથી કે માનવાચક નામથી બોલાવે તો તેને નજીકતા કે આત્મીયતા લાગે છે. પરિણામે શાળાનુ6 વાતાવરણ પેમભર્યું બને છે. શાળાના સંસ્થાકીય હવામાનમાં માનવીય સંબંધો જેમ મીઠા તેમ પ્રેમની જરૂરિયાત સંતોષવાની શકયતા વધારે છે. આચાર્ય– શિક્ષકો, શિક્ષકો–શિક્ષકો, શિક્ષકો–વિદ્યાર્થીઓ, વિદ્યાર્થી–વિદ્યાર્થીઓ અને આચાર્ય–વાલીઓ વચ્ચેનાં સંબંધો જેટલા સુમેળભર્યા, સ્નેહભર્યા, આત્મીયતાભર્યા હોય તેટલું શાળાનું વાતાવરણ પ્રેમભર્યું બને .

**(૪) પ્રતિષ્ઠા બક્ષવી :**

ઘરમાં કે શાળામાં બાળકનું સ્વમાન જળવાવું જોઈએ. વ્યક્તિ પોતાના ઘરમાં પોતાનો સ્વીકાર ઝંખે છે . બાળક સારું કામ કરે તો તેને તેજ સમયે જાહેરમાં બિરદાવવો જોઈએ અને તેનાથી ભૂલ થઈ જાય તો એક બાજુ વ્યક્તિગત બોલાવી મીઠી ટકોર સાથે હતોત્સાહ ન થાય તે રીતે ઉત્તેજન આપવું જોઈએ. યોગ્ય સમયે પ્રશંસા કે કદર કરવાથી બાળકનો ઉત્સાહ વધી જાય છે. અનેક પ્રસંગો ઊભા કરીને બાળકને પોતાની શક્તિઓ વ્યક્ત કરવાની તક પૂરી પાડવી જોઈએ.

**(૫) આત્મ સાર્થકતાની જરૂર**

બાળકોમાં કઈ સુષુપ્ત શક્તિઓ રહેલી છે તે 'ટેલેન્ટ સર્ચ' દ્વારા જાણવું જરૂરી છે. ત્યાર બાદ તેમની શક્તિઓ પ્રમાણે કામને વહેચો. પરિણામે તેમની શક્તિઓનો પણ વિકાસ થશે અને તેમના રસનો પણ વિકાસ થશે. બાળકો પોતાની જાતને વધુ ને વધુ ઓળખે તે માટે શાળાએ તથા ઘરમાં યોગ્ય  વાતાવરણ પુરું પાડો.શાળા/કોલેજમાં સાંસ્કૃતિક તથા ઈતર કે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરીને બાળકોને બિરદાવવાં જોઈએ, શાળામાં વ્યક્તિગત શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન સેવાઓ શાળામાં અસરકારક બનવી જોઈએ. પરિણામે બાળકો ઊંચી સિધ્ધિ તરફ પ્રેરાય છે.

**(૬) સર્વાંગી વિકાસ :**

બાળકોનો શારીરિક, માનસિક, સામાજિક, સાંવેગિક અધ્યાત્મિક તથા આર્થિક  વિકાસ થાય તે માટે શાળાઓમાં અનુકૂળ પરિસ્થિતિ સર્જવી જોઈએ. યોગ્ય વાતાવરણથી જ બાળકની મૂળભૂત જરૂરિયાતો સંતોષશે, પરિણામે તેનો સર્વાંગી વિકાસ થશે.

**(૭) સહાધ્યાયીઓ સાથે સુમેળભર્યું વાતાવરણ :**

શાળા/ કોલેજોમાં સહાધ્યાયીઓમાં પરસ્પર સુમેળભર્યું વાતાવરણ સર્જાયતે માટે આચાર્ય, શિક્ષક તથા સંચાલક મંડળ સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ. આમ, શાળામાં શિક્ષકો, ઘરામાં મા–બાપ તથા સમાજમાં મિત્રોએ બાળકોમાટે પ્રમ અને હુંફનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. કેળવણીએસ્વાંત્ર્યોત્તરકાળબાદરાષ્ટ્રીય ઉત્થાનનું પ્રેરક બળ બની રહી છે. કેળવણીએ માત્ર જ્ઞાન કે માહિતીના વિતરણનું સાધન નથી,પરંતુ કેળવણીએ આમ

જનતાની પ્રત્યેક વ્યક્તિનાં મૂલ્યો, કૌશલ્યો, ટેવો, વલણો અને અભિરૂચિઓનું તે એવી રીતે નવઘડતર કરે છે કે જેથી દેશનાં ભૌતિક અને આર્થિક સાધનોનો બને તેટલો મહત્તમ ઉપયોગ અને વિકાસ કરી શકાય.તોચાલસાથેમળીદેશનાઉત્થાનમાટેવિદ્યાર્થી ધનને કૌશલ્યયુક્ત અને સર્વાંગી વિકાસની ગતિ આપીએ.

**સંદર્ભસૂચિ :**


ભાટ્ટ,મૂળશંકર. (૧૯૮૫) કેળવણી અને માનવીયમૂલ્યો. (પ્રથમ આવૃત્તિ) ભાવનગર: ભટ્ટ વિક્રમ, ૧૫૫૮ દીપક સોસાયટી દ્વારા પ્રકાસિત.

વારૈયા,વી.વી. (૨૦૧૫) . અધ્યયન અને અધ્યાપન . (પ્રથમ આવૃત્તિ) આણંદ : પ્રતીક પ્રકાશન

દેસાઈ,ધીરજ.(૨૦૧૦). સફળ શિક્ષક (પ્રથમ આવૃત્તિ) ભાવનગર: દેસાઈ ધીરજલાલ દ્વારા પ્રકાસિત.

ગોહિલ,જયેન્દ્રસિંહ અને અન્ય.(૨૦૧૧) વ્યક્તિત્વ, અનુકૂલન અને માપન–મૂલ્યાંકન. (અદ્યતનઆવૃત્તિ). અમદાવાદ: અમોલ પ્રકાશન.

મહેતા,અંજની. અને અન્ય (૨૦૦૯). ભારતમાં શિક્ષણ પ્રણાલીનો વિકાસ. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : અનડા બુક ડીપો.

પટેલ,મોતીભાઈ. (૨૦૧૬). શિક્ષણના સામ્પ્રત પ્રવાહો.(પહેલી આવૃત્તિ).
અમદાવાદ: અવનિકા પ્રકાશન .

પટેલ,મોતીભાઈ. (૧૯૯૯–૨૦૦૦). શિક્ષણની વિસ્તરતી ક્ષિતીજો.(પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: બી.એસ.શાહ પ્રકાશન.



<table>
<tr><th>શિક્ષણદર્શનનુંલવાજમ</th><th>Bank Details</th></tr>
<tr><td>એક વર્ષ માટે રૂ.120/-<br>ત્રણ વર્ષ માટે રૂ.330/- અને<br>પાંચ વર્ષ માટેનું રૂ.550/-</td><td>Acc Name: Shikshan Darshan<br>No. 001101401028590,<br>ISFC Code:- YESB0PSB002,<br>MICR Code:- 390202002</td></tr>
<tr><td colspan="2">જે આપશ્રી નીચેના સરનામે મોકલાવી આભારી થશો.<br>શ્રીઅરવિંદભાઈ એલ મહેતા.<br>5, પ્રીતિ ડુપ્લેક્સ, આંનદવન કોમ્પલેક્ષની છળ,<br>સુભાનપુરા, વડોદરા .Mo. 9998008518</td></tr>
</table>